**<u>રેગ્યુલર દિવાની મુકદમા નંબર ૧૨૩/૨૦૧૯ ના કામે આંક–૧ લગત હુકમ :</u>**

હાલના દાવાના કામે આંક–૧૨ થી તા.૧૮/૦૨/૨૦૨૨ ના રોજ મુદ્દો કાઢવામાં આવેલ છે. ત્યારબાદ દાવાના આખરી નિકાલ માટે પક્ષકારોને આંક–૧૩, આંક–૧૪ થી સમન્સ કાઢવામાં આવેલ છે. જે સમન્સ બજી ગયેલ હોવા છતા વાદી પુરાવો રજુ કરવા હાજર થયેલ નથી.

આજ રોજ વારંવાર પોકાર કરાવતાં વાદી કે તેમના વકીલશ્રી હાજર નથી.

પ્રતિવાદીના વિ.વકીલશ્રી હાજર છે. વાદીની ગેરહાજરીમાં હાલના દાવાની સુનાવણી થઈ શકે તેમ ના હોઈ જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુ ક મ ::</u>**

- આથી વાદીનો દાવો સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર–૯, રૂલ–૮ ની જોગવાઈ મુજબ રદ કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.
- હુકમ આજરોજ તા.૧૪/૦૭/૨૦૨૨ ના રોજની ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૧૪/૦૭/૨૦૨૨
માણસા.

(એ.આર.દ્વિવેદી)
જ્યુડી.મેજી.ફ.ક.
માણસા.
(જી.જે.૦૧૧૮૩)